This booklet contains 44 pages.
આ પુસ્તિકામાં 44 પાના છે.

# HLAAC
**(English/Gujarati)**

**Test Booklet Code**
**પરિક્ષા પુસ્તિકાનો કોડ**

# LL

**Do not open this Test Booklet until you are asked to do so.**
**જયાં સુધી કહેવામાં ન આવે ત્યાંસુધી આ પુસ્તિકા ન ખોલો.**

**Read carefully the Instructions on the Back Cover of this Test Booklet.**
**આ પરિક્ષા પુસ્તિકાના પાછળના કવર પર આપેલ સૂચનાઓ ધ્યાનથી વાંચો.**

***Important Instructionns :***

1. The Answer Sheet is inside this Test Booklet. When you are directed to open the Test Booklet, take out the Answer Sheet and fill in the particulars on **Side-1** and **Side-2** carefully with **blue/black** ball point pen only.
2. The test is of **3 hours** duration and this Test Booklet contains **180** questions. Each question carries **4** marks. For each correct response, the candidate will get **4** marks. For each incorrect response, **one mark** will be deducted from the total scores. The maximum marks are 720.
3. Use **Blue/Black Ball Point Pen only** for writing particulars on this page/marking responses.
4. Rough work is to be done on the space provided for this purpose in the Test Booklet only.
5. **On completion of the test, the candidate must hand over the Answer Sheet to the Invigilator before leaving the Room/Hall. The candidates are allowed to take away this Test Booklet with them.**
6. The CODE for this Booklet is **LL**. Make sure that the CODE printed on **Side-2** of the Answer Sheet is the same as that on this Test Booklet. In case of discrepancy, the candidate should immediately report the matter to the Invigilator for replacement of both the Test Booklet and the Answer Sheet.
7. The candidates should ensure that the Answer Sheet is not folded. Do not make any stray marks on the Answer Sheet. Do not write your Roll No. anywhere else except in the specified space in the Test Booklet/Answer Sheet.
8. Use of white fluid for correction is ***not*** permissible on the Answer Sheet.

***અગત્યની સૂચનાઓ :***

1. ઉત્તર પત્ર આ પરિક્ષા પુસ્તિકાની અંદર છે. જયરિ આપને પરિક્ષા પુસ્તિકા ખોલવાવું કહેવામાં આવે, ત્યારે ઉત્તર પત્ર નિકાળી **પેજ-1** અને **પેજ-2** પરની વિગતો ફક્ત **વાદળી/કાળી** બોલ પોઇંટ પેનથી સાવધાની સાથે ભરો.
2. પરિક્ષાનો ગાળો **3 કલાકનો** છે અને પરિક્ષા પુસ્તિકામાં **180** પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્ન **4** માર્કનો છે. પ્રત્યેક સાચા જવાબ માટે પરિક્ષાર્થીનો **4** માર્ક આપવામાં આવશે. પ્રત્યેક ખોટા જવાબ માટે કુલ માર્ક માંથી **1 માર્ક** ઓછો કરવામાં આવશે. મહત્તમ માર્ક 720 છે.
3. આ પેજ પર ખાસ લખી અને ઉત્તર પત્ર કે નિશાની કરતી વખતે **ફક્ત વાદળી/કાળી બોલ પોઇન્ટ પેનનો** પ્રયોગ કરો.
4. રફ કાર્ય આ પુસ્તિકામાં આપેલ નિર્ધારિત સ્થાનમાંજ કરો.
5. **પરિક્ષા સંમ્પન્ન થાય ત્યારે, પરિક્ષાર્થી રૂમ/હૉલ છોડતાં પહેલા ઉત્તર પત્ર વર્ગ-નિરિક્ષકને અવશ્ય પાછી આપે. પરિક્ષાર્થી પોતાની સાથે આ પરિક્ષા પુસ્તિકા લઈ જઈ શકે છે.**
6. આ પુસ્તિકાનો કોડ **LL** છે. આ ખાત્રિ કરીલો કે આ પુસ્તિકાનો કોડ, ઉત્તર પત્ર ના **પેજ-2** પર છાપેલ કોડ સાથે મેળ આપેછે. જે આ અલગ હોય તો પરિક્ષાર્થી બીજી પરિક્ષા પુસ્તિકા અને ઉત્તર પત્ર લેવા નિરિક્ષકને તુરંત જાણ કરો.
7. પરિક્ષાર્થી એ સુનિશ્ચત કરે કે આ ઉત્તર પત્ર ને નવાળે કે તેના પર કોઇ નિશાન ન કરે. પરીક્ષાર્થી પોતાનો અનુક્રમ પરિક્ષા પુસ્તિકા/ઉત્તર પત્રમાં નિર્ધારીત સ્થાન સીવાય અન્યત્ર ક્યાંપન લખે.
8. ઉત્તર પત્રમાં કોઇપતા પ્રકારના સુધારા માટે વ્હાઇટ-ફ્લુડનો ઉપયોગ કરવાની અનુમતિ ***નથી.***

**In case of any ambiguity in translation of any question, English version shall be treated as final.**
**પ્રશ્નોના અનુવાદમાં કોઇ અસ્પષ્ટતાની સ્થિતિમાં, અંગ્રેજી સંસ્કરણનેન અંતિમ માનવામાં આવશે.**

Name of the Candidate (in Capitals) : ____________________

Roll Number : in figures ____________________

: in words ____________________

Centre of Examination (in Capitals) : ____________________

Candidate's Signature : ____________________ Invigilator's Signature : ____________________

Facsimile signature stamp of
Centre Superintendent : ____________________


ZOLLEGE

1. The correct order of N-compounds in its decreasing order of oxidation states is

(1) $HNO_3$, NO, $N_2$, $NH_4Cl$

(2) $HNO_3$, NO, $NH_4Cl$, $N_2$

(3) $NH_4Cl$, $N_2$, NO, $HNO_3$

(4) $HNO_3$, $NH_4Cl$, NO, $N_2$

2. Which one of the following elements is unable to form $MF_6^{3-}$ ion ?

(1) Ga

(2) Al

(3) In

(4) B

3. Considering Ellingham diagram, which of the following metals can be used to reduce alumina ?

(1) Fe

(2) Zn

(3) Cu

(4) Mg

4. The correct order of atomic radii in group 13 elements is

(1) B < Al < In < Ga < Tl

(2) B < Al < Ga < In < Tl

(3) B < Ga < Al < In < Tl

(4) B < Ga < Al < Tl < In

5. Which of the following statements is ***not*** true for halogens ?

(1) All form monobasic oxyacids.

(2) All are oxidizing agents.

(3) Chlorine has the highest electron-gain enthalpy.

(4) All but fluorine show positive oxidation states.

6. In the structure of $ClF_3$, the number of lone pairs of electrons on central atom 'Cl' is

(1) one

(2) two

(3) three

(4) four

1. N-સંયોજનો માં, તેની ઘટતી ઓક્સિડેશન અવસ્થાઓ નો સાચો ક્રમ નીચેનામાંથી શોધો.

(1) $HNO_3$, NO, $N_2$, $NH_4Cl$

(2) $HNO_3$, NO, $NH_4Cl$, $N_2$

(3) $NH_4Cl$, $N_2$, NO, $HNO_3$

(4) $HNO_3$, $NH_4Cl$, NO, $N_2$

2. નીચે આપેલા પૈકી કયું એક તત્વ $MF_6^{3-}$ આયન બનાવી શકતું નથી ?

(1) Ga

(2) Al

(3) In

(4) B

3. એલિંઘમ આકૃતિને ધ્યાનમાં લેતા નીચે આપેલામાંથી કઈ ધાતુ એલ્યુમીના ના રિડકશન માટે ઉપયોગ કરી શકાય છે ?

(1) Fe

(2) Zn

(3) Cu

(4) Mg

4. સમૂહ 13 માં તત્વો ની પરમાણ્વીય ત્રિજ્યા નો સાચોક્રમ શોધો.

(1) B < Al < In < Ga < Tl

(2) B < Al < Ga < In < Tl

(3) B < Ga < Al < In < Tl

(4) B < Ga < Al < Tl < In

5. હેલોજનો માટે નીચે આપેલા વિધાનોમાંથી કયું સાચું ***નથી*** ?

(1) બધા જ મોનોબેઝિક ઓક્સિએસિડો બનાવે છે.

(2) બધા જ ઓક્સિડેશન કર્તા પ્રક્રિયક છે.

(3) ક્લોરિન ની સૌથી વધારે ઈલેક્ટ્રોન પ્રાપ્તિ એન્થાલ્પી છે.

(4) બધા પણ ફ્લોરિન ધન ઓક્સિડેશન અવસ્થાઓ બનાવે છે.

6. $ClF_3$ ના બંધારણમાં મધ્યસ્થ પરમાણુ 'Cl' ઉપર અબંધકારક ઈલેક્ટ્રોન યુગ્મોની સંખ્યા શોધો.

(1) એક

(2) બે

(3) ત્રણ

(4) ચાર



SPACE FOR ROUGH WORK

ZOLLEGE

7. Identify the major products P, Q and R in the following sequence of reactions :

 $+ CH_3CH_2CH_2Cl \xrightarrow[\text{AlCl}_3]{\text{Anhydrous}}$

$P \xrightarrow[\text{(ii) } H_3O^+/\Delta]{\text{(i) } O_2} Q + R$

| | P | Q | R |
|---|---|---|---|

(1)  , $CH_3CH_2-OH$

(2) 

(3)  , $CH_3-CO-CH_3$

(4)  , $CH_3CH(OH)CH_3$

8. Which of the following compounds can form a zwitterion ?

(1) Aniline

(2) Acetanilide

(3) Glycine

(4) Benzoic acid

7. નીચે આપેલી શ્રેણીબદ્ધ પ્રક્રિયાઓમાં મુખ્ય નીપજો P, Q અને R ઓળખી બનાવો :

 $+ CH_3CH_2CH_2Cl \xrightarrow[\text{AlCl}_3]{\text{નિર્જલ}}$

$P \xrightarrow[\text{(ii) } H_3O^+/\Delta]{\text{(i) } O_2} Q + R$

| | P | Q | R |
|---|---|---|---|

(1)  , $CH_3CH_2-OH$

(2) 

(3)  , $CH_3-CO-CH_3$

(4)  , $CH_3CH(OH)CH_3$

8. નીચે આપેલા સંયોજકનોમાંથી કયો ઝ્વિટર આયન બનાવી શકે છે ?

(1) એનિલિન

(2) એસિટૈનિલાઈડ

(3) ગ્લાયસીન

(4) બેન્ઝોઈક એસિડ

**9.** Regarding cross-linked or network polymers, which of the following statements is ***incorrect*** ?

(1) They contain covalent bonds between various linear polymer chains.

(2) They are formed from bi- and tri-functional monomers.

(3) They contain strong covalent bonds in their polymer chains.

(4) Examples are bakelite and melamine.

**10.** Nitration of aniline in strong acidic medium also gives m-nitroaniline because

(1) In spite of substituents nitro group always goes to only m-position.

(2) In electrophilic substitution reactions amino group is meta directive.

(3) In acidic (strong) medium aniline is present as anilinium ion.

(4) In absence of substituents nitro group always goes to m-position.

**11.** The difference between amylose and amylopectin is

(1) Amylopectin have $1 \rightarrow 4$ $\alpha$-linkage and $1 \rightarrow 6$ $\alpha$-linkage

(2) Amylose have $1 \rightarrow 4$ $\alpha$-linkage and $1 \rightarrow 6$ $\beta$-linkage

(3) Amylose is made up of glucose and galactose

(4) Amylopectin have $1 \rightarrow 4$ $\alpha$-linkage and $1 \rightarrow 6$ $\beta$-linkage

**12.** A mixture of 2·3 g formic acid and 4·5 g oxalic acid is treated with conc. $H_2SO_4$. The evolved gaseous mixture is passed through KOH pellets. Weight (in g) of the remaining product at STP will be

(1) 1·4

(2) 3·0

(3) 4·4

(4) 2·8

**13.** Which of the following oxides is most acidic in nature ?

(1) MgO

(2) BeO

(3) CaO

(4) BaO

**9.** મિશ્રબંધિત અથવા જાળીદાર બહુલકોના સંદર્ભમાં નીચે આપેલા વિધાનો પૈકી કયું ***ખોટું*** છે ?

(1) જુદા જુદા રેખીય બહુલક શૃંખલાઓ વચ્ચે તેઓ સહસંયોજક બંધો ધરાવે છે.

(2) તેઓ બાય (દ્વિ) અને ટ્રાય (ત્રિ)-ક્રિયાશીલ મોનોમર માંથી બને છે.

(3) તેઓ તેમના બહુલક શૃંખલાઓમાં પ્રબળ સહસંયોજક બંધો ધરાવે છે.

(4) બેકેલાઈટ, મેલામીન ઉદાહરણો છે.

**10.** પ્રબળ એસિડિક માધ્યમમાં એનિલિન નું નાઈટ્રેશન કરતાં તે m-નાઈટ્રોએનિલિન આપે છે કારણ કે

(1) વિસ્થાપકો હોવા છત્તા નાઈટ્રો સમૂહ કાયમ ફક્ત m-સ્થાનમાં જ જાય છે.

(2) ઈલેક્ટ્રોન અનુરાગી વિસ્થાપન પ્રક્રિયાઓમાં એમિનો સમૂહ એ m-નિર્દેશક છે.

(3) એસિડિક (પ્રબળ) માધ્યમમાં એનિલિન એ એનિલિનિયમ આયન તરીકે હાજર હોય છે.

(4) વિસ્થાપકો ની ગેરહાજરીમાં નાઈટ્રો સમૂહ કાયમ m-સ્થાનમાં જ જાય છે.

**11.** એમાયલોઝ અને એમાયલોપેક્ટીન વચ્ચે નો તફાવત શું છે ?

(1) એમાયલોપેક્ટીન $1 \rightarrow 4$ $\alpha$-જોડાણ અને $1 \rightarrow 6$ $\alpha$-જોડાણ ધરાવે છે

(2) એમાયલોઝ $1 \rightarrow 4$ $\alpha$-જોડાણ (linkage) અને $1 \rightarrow 6$ $\beta$-જોડાણ ધરાવે છે

(3) એમાયલોઝ એ ગ્લુકોઝ અને ગેલેક્ટોઝ માંથી બનેલો છે

(4) એમાયલોપેક્ટીન $1 \rightarrow 4$ $\alpha$-જોડાણ $1 \rightarrow 6$ $\beta$-જોડાણ ધરાવે છે

**12.** 2·3 g ફોર્મિક એસિડ અને 4·5 g ઓક્ઝેલિક એસિડ ધરાવતુ એક મિશ્રણની સાંદ્ર $H_2SO_4$ સાથે પ્રક્રિયા કરવામાં આવે છે. ઉત્પન્ન થતા વાયુમય મિશ્રણ ને KOH ટીકડીઓ (pellets) માંથી પસાર કરવામાં આવે છે. STP પર બાકી રહેતી નીપજ નું વજન (g) શું હશે ?

(1) 1·4

(2) 3·0

(3) 4·4

(4) 2·8

**13.** નીચે આપેલા ઓકસાઈડ પૈકી કયો વધુ (most) એસિડિક સ્વભાવ ધરાવે છે ?

(1) MgO

(2) BeO

(3) CaO

(4) BaO


SPACE FOR ROUGH WORK
ZOLLEGE

**14.** Which oxide of nitrogen is ***not*** a common pollutant introduced into the atmosphere both due to natural and human activity ?

(1) $N_2O_5$

(2) $NO_2$

(3) NO

(4) $N_2O$

**15.** The compound A on treatment with Na gives B, and with $PCl_5$ gives C. B and C react together to give diethyl ether. A, B and C are in the order

(1) $C_2H_5OH$, $C_2H_6$, $C_2H_5Cl$

(2) $C_2H_5OH$, $C_2H_5Cl$, $C_2H_5ONa$

(3) $C_2H_5OH$, $C_2H_5ONa$, $C_2H_5Cl$

(4) $C_2H_5Cl$, $C_2H_6$, $C_2H_5OH$

**16.** The compound $C_7H_8$ undergoes the following reactions :

$$C_7H_8 \xrightarrow{3\,Cl_2/\Delta} A \xrightarrow{Br_2/Fe} B \xrightarrow{Zn/HCl} C$$

The product 'C' is

(1) *m*-bromotoluene

(2) *o*-bromotoluene

(3) *p*-bromotoluene

(4) 3-bromo-2,4,6-trichlorotoluene

**17.** Hydrocarbon (A) reacts with bromine by substitution to form an alkyl bromide which by Wurtz reaction is converted to gaseous hydrocarbon containing less than four carbon atoms. (A) is

(1) $CH \equiv CH$

(2) $CH_2 = CH_2$

(3) $CH_4$

(4) $CH_3 - CH_3$

**14.** વાયુમંડલમાં કુદરતી અને માનવીય પ્રવૃત્તિ બંન્ને ને કારણે નાઈટ્રોજન ના કયા ઓક્સાઈડ ને વાતાવરણમાં સામાન્ય પ્રદૂષક તરીકે સામેલ કરવામાં આવતો ***નથી*** ?

(1) $N_2O_5$

(2) $NO_2$

(3) NO

(4) $N_2O$

**15.** સંયોજન A ની Na સાથે પ્રક્રિયા કરતા B મળે છે અને તે $PCl_5$ સાથે C આપે છે. B અને C એકબીજાસાથે પ્રક્રિયા કરીને ડાયઈથાઈલ ઈથર આપે છે. A, B અને C નો ક્રમ શોધો

(1) $C_2H_5OH$, $C_2H_6$, $C_2H_5Cl$

(2) $C_2H_5OH$, $C_2H_5Cl$, $C_2H_5ONa$

(3) $C_2H_5OH$, $C_2H_5ONa$, $C_2H_5Cl$

(4) $C_2H_5Cl$, $C_2H_6$, $C_2H_5OH$

**16.** સંયોજન $C_7H_8$ નીચે પ્રમાણે પ્રક્રિયામાંથી પસાર થાય છે :

$$C_7H_8 \xrightarrow{3\,Cl_2/\Delta} A \xrightarrow{Br_2/Fe} B \xrightarrow{Zn/HCl} C$$

નીપચ 'C' શોધો

(1) *m*-બ્રોમોટોલ્યુઈન

(2) *o*-બ્રોમોટોલ્યુઈન

(3) *p*-બ્રોમોટોલ્યુઈન

(4) 3-બ્રોમો-2,4,6-ટ્રાયક્લોરો ટોલ્યુઈન

**17.** હાઈડ્રોકાર્બન (A) ની બ્રોમિન સાથે વિસ્થાપન પ્રક્રિયા થઈ ને આલ્કાઈલ બ્રોમાઈડ બને છે કે જેનું વુર્ટ્ઝ પ્રક્રિયા વડે ચાર કાર્બન પરમાણુઓ કરતા ઓછા હોય તેવા વાયુમય હાઈડ્રોકાર્બનમાં રૂપાંતર થાય છે. (A) શોધો.

(1) $CH \equiv CH$

(2) $CH_2 = CH_2$

(3) $CH_4$

(4) $CH_3 - CH_3$



SPACE FOR ROUGH WORK

ZOLLEGE

18. Which of the following molecules represents the order of hybridisation $sp^2$, $sp^2$, sp, sp from left to right atoms ?

(1) $HC \equiv C - C \equiv CH$

(2) $CH_2 = CH - C \equiv CH$

(3) $CH_3 - CH = CH - CH_3$

(4) $CH_2 = CH - CH = CH_2$

19. Which of the following carbocations is expected to be most stable ?

(1) 

(2) 

(3) 

(4) 

20. Which of the following is correct with respect to – I effect of the substituents ? (R = alkyl)

(1) $-NH_2 < -OR < -F$

(2) $-NR_2 < -OR < -F$

(3) $-NR_2 > -OR > -F$

(4) $-NH_2 > -OR > -F$

18. ડાબા થી જમણા પરમાણુઓ તરફ જતા નીચે આપેલા અણુઓમાં સંકરણ નો ક્રમ $sp^2$, $sp^2$, sp, sp દર્શાવે છે. જે નીચેનામાંથી શોધો.

(1) $HC \equiv C - C \equiv CH$

(2) $CH_2 = CH - C \equiv CH$

(3) $CH_3 - CH = CH - CH_3$

(4) $CH_2 = CH - CH = CH_2$

19. નીચે આપેલા પૈકી કયો કાર્બોકેટાયન સૌથી વધારે સ્થિર અપેક્ષિત કરી શકાય ?

(1) 

(2) 

(3) 

(4) 

20. વિસ્થાપકોની – I અસર ના સંદર્ભમાં નીચે આપેલામાંથી કયું સાચું છે ? (R = આલ્કાઈલ)

(1) $-NH_2 < -OR < -F$

(2) $-NR_2 < -OR < -F$

(3) $-NR_2 > -OR > -F$

(4) $-NH_2 > -OR > -F$

**21.** In the reaction




the electrophile involved is

(1) dichloromethyl cation ( $\overset{\oplus}{C}HCl_2$ )

(2) formyl cation ( $\overset{\oplus}{C}HO$ )

(3) dichlorocarbene ($:CCl_2$)

(4) dichloromethyl anion ( $\overset{\ominus}{C}HCl_2$ )

**22.** Carboxylic acids have higher boiling points than aldehydes, ketones and even alcohols of comparable molecular mass. It is due to their

(1) formation of intramolecular H-bonding

(2) formation of carboxylate ion

(3) formation of intermolecular H-bonding

(4) more extensive association of carboxylic acid via van der Waals force of attraction

**23.** Compound A, $C_8H_{10}O$, is found to react with NaOI (produced by reacting Y with NaOH) and yields a yellow precipitate with characteristic smell.
A and Y are respectively

(1) $H_3C$ –  – $CH_2-OH$ and $I_2$

(2)  – $CH_2-CH_2-OH$ and $I_2$

(3) $CH_3$ –  – OH and $I_2$ (with $CH_3$ on the ring)

(4)  – $\underset{|}{CH}-CH_3$ and $I_2$ (OH on CH)

**21.** પ્રક્રિયા માં,




કયો ઈલેક્ટ્રોન અનુરાગી ભાગ લે છે ?

(1) ડાયક્લોરોમિથાઈલ કેટાયન ( $\overset{\oplus}{C}HCl_2$ )

(2) ફોર્માઈલ કેટાયન ( $\overset{\oplus}{C}HO$ )

(3) ડાયક્લોરોકાર્બીન ($:CCl_2$)

(4) ડાયક્લોરોમિથાઈલ એનાયન ( $\overset{\ominus}{C}HCl_2$ )

**22.** કાર્બોક્સિલિક એસિડો ના ઉત્કલન બિંદુઓ આલ્ડીહાઈડ, કિટોન અને સરખામણી થઈ શકે તેવા આણ્વીય દળ વાળા આલ્કોહોલ કરતાં પણ ઊંચા હોંય છે તેમનું તે કારણ નીચેનામાંથી શોધો.

(1) આંત:આણ્વીય H-બંધ બને છે

(2) કાર્બોક્સિલેટ આયન બને છે

(3) આંતર આણ્વીય H-બંધ બને છે

(4) વાન્ડર વાલ્સ્ આકર્ષણબળો ને લીધે કાર્બોક્સિલિક એસિડનું વધુ માત્રાત્મક સુયોજન થાય છે

**23.** સંયોજન A, $C_8H_{10}O$ કે જે NaOI (NaOH સાથે Y ની પ્રક્રિયાથી ઉત્પન્ન થાય છે) સાથે નીપજ તરીકે લાક્ષણિક ગંધ સાથે પીળા અવક્ષેપ આપે છે.

A અને Y અનુક્રમે શોધો.

(1) $H_3C$ –  – $CH_2-OH$ અને $I_2$

(2)  – $CH_2-CH_2-OH$ અને $I_2$

(3) $CH_3$ –  – OH અને $I_2$ (with $CH_3$ on the ring)

(4)  – $\underset{|}{CH}-CH_3$ અને $I_2$ (OH on CH)



SPACE FOR ROUGH WORK

ZOLLEGE

**24.** Match the metal ions given in Column I with the spin magnetic moments of the ions given in Column II and assign the ***correct*** code :

| | *Column I* | | *Column II* |
|---|---|---|---|
| a. | $Co^{3+}$ | i. | $\sqrt{8}$ B.M. |
| b. | $Cr^{3+}$ | ii. | $\sqrt{35}$ B.M. |
| c. | $Fe^{3+}$ | iii. | $\sqrt{3}$ B.M. |
| d. | $Ni^{2+}$ | iv. | $\sqrt{24}$ B.M. |
| | | v. | $\sqrt{15}$ B.M. |

| | **a** | **b** | **c** | **d** |
|---|---|---|---|---|
| (1) | iv | v | ii | i |
| (2) | i | ii | iii | iv |
| (3) | iii | v | i | ii |
| (4) | iv | i | ii | iii |

**25.** Which one of the following ions exhibits d-d transition and paramagnetism as well ?

(1) $CrO_4^{2-}$

(2) $Cr_2O_7^{2-}$

(3) $MnO_4^{2-}$

(4) $MnO_4^{-}$

**26.** Iron carbonyl, $Fe(CO)_5$ is

(1) tetranuclear

(2) mononuclear

(3) dinuclear

(4) trinuclear

**27.** The type of isomerism shown by the complex $[CoCl_2(en)_2]$ is

(1) Geometrical isomerism

(2) Coordination isomerism

(3) Linkage isomerism

(4) Ionization isomerism

**28.** The geometry and magnetic behaviour of the complex $[Ni(CO)_4]$ are

(1) square planar geometry and diamagnetic

(2) tetrahedral geometry and diamagnetic

(3) tetrahedral geometry and paramagnetic

(4) square planar geometry and paramagnetic

**24.** કોલમ I માં આપેલ ધાતુ આયનો ને કોલમ II માં આપેલ આયનોની સ્પીન ચુંબકીય ચાકમાત્રાઓ સાથે જોડી અને ***સાચો*** કોડ ફાળવો :

| | *કોલમ I* | | *કોલમ II* |
|---|---|---|---|
| a. | $Co^{3+}$ | i. | $\sqrt{8}$ B.M. |
| b. | $Cr^{3+}$ | ii. | $\sqrt{35}$ B.M. |
| c. | $Fe^{3+}$ | iii. | $\sqrt{3}$ B.M. |
| d. | $Ni^{2+}$ | iv. | $\sqrt{24}$ B.M. |
| | | v. | $\sqrt{15}$ B.M. |

| | **a** | **b** | **c** | **d** |
|---|---|---|---|---|
| (1) | iv | v | ii | i |
| (2) | i | ii | iii | iv |
| (3) | iii | v | i | ii |
| (4) | iv | i | ii | iii |

**25.** નીચે આપેલા પૈકી કયો એક આયન d-d સંક્રાંતિ તેમજ અનુચુંબકીયતા પ્રદર્શિત કરે છે ?

(1) $CrO_4^{2-}$

(2) $Cr_2O_7^{2-}$

(3) $MnO_4^{2-}$

(4) $MnO_4^{-}$

**26.** આર્યન કાર્બોનીલ $Fe(CO)_5$ શું છે ?

(1) ટેટ્રા કેન્દ્રીય

(2) એક કેન્દ્રીય

(3) દ્વિકેન્દ્રીય

(4) ત્રિકેન્દ્રીય

**27.** સંકીર્ણ $[CoCl_2(en)_2]$ ની સમઘટકતા નો પ્રકાર દર્શાવેલ છે જે શોધો

(1) ભૌમિતિક સમઘટકતા

(2) કો-ઓર્ડિનેશન સમઘટકતા

(3) બંધનીય સમઘટકતા

(4) આયનીય સમઘટકતા

**28.** સંકીર્ણ $[Ni(CO)_4]$ ની ભૂમિતિ અને ચુંબકીય વર્તણૂંક શોધો.

(1) સમતલીય સમચોરસ ભૂમિતિ અને પ્રતિચુંબકીય

(2) સમચતુષ્ફલકીય ભૂમિતિ અને પ્રતિચુંબકીય

(3) સમચતુષ્ફલકીય ભૂમિતિ અને અનુચુંબકીય

(4) સમતલીય સમચોરસ ભૂમિતિ અને અનુચુંબકીય


ZOLLEGE

**29.** Following solutions were prepared by mixing different volumes of NaOH and HCl of different concentrations :

a. 60 mL $\frac{M}{10}$ HCl + 40 mL $\frac{M}{10}$ NaOH

b. 55 mL $\frac{M}{10}$ HCl + 45 mL $\frac{M}{10}$ NaOH

c. 75 mL $\frac{M}{5}$ HCl + 25 mL $\frac{M}{5}$ NaOH

d. 100 mL $\frac{M}{10}$ HCl + 100 mL $\frac{M}{10}$ NaOH

pH of which one of them will be equal to 1 ?

(1) b
(2) a
(3) c
(4) d

**29.** NaOH અને HCl ના જુદા જુદા કદના દ્રાવણોને મિશ્ર કરીને જુદી જુદી સાંદ્રતાઓ વાળા દ્રાવણ બનાવવામાં આવ્યા :

a. 60 mL $\frac{M}{10}$ HCl + 40 mL $\frac{M}{10}$ NaOH

b. 55 mL $\frac{M}{10}$ HCl + 45 mL $\frac{M}{10}$ NaOH

c. 75 mL $\frac{M}{5}$ HCl + 25 mL $\frac{M}{5}$ NaOH

d. 100 mL $\frac{M}{10}$ HCl + 100 mL $\frac{M}{10}$ NaOH

તેઓમાંથી કયા એકની pH, 1 ને બરાબર થશે ?

(1) b
(2) a
(3) c
(4) d

**30.** On which of the following properties does the coagulating power of an ion depend ?

(1) The magnitude of the charge on the ion alone
(2) Size of the ion alone
(3) The sign of charge on the ion alone
(4) Both magnitude and sign of the charge on the ion

**30.** એક આયનની સ્કંદન શક્તિ (coagulating power) નીચે આપેલા ગુણધર્મોમાંથી કયા ની ઉપર આધારિત છે ?

(1) એકલા આયન ઉપર ના ભાર ની માત્રા
(2) એકલા આયન નું કદ
(3) એકલા આયન ઉપર ના ભારનું ચિન્હ (સાઈન)
(4) આયન ઉપર ભાર ની માત્રા અને ચિન્હ (સાઈન) બંન્ને

**31.** Given van der Waals constant for $NH_3$, $H_2$, $O_2$ and $CO_2$ are respectively 4·17, 0·244, 1·36 and 3·59, which one of the following gases is most easily liquefied ?

(1) $NH_3$
(2) $H_2$
(3) $CO_2$
(4) $O_2$

**31.** $NH_3$, $H_2$, $O_2$ અને $CO_2$ ના વાન્ડર વાલ અચળાંક અનુક્રમે 4·17, 0·244, 1·36 અને 3·59 આપેલ છે. નીચે આપેલા વાયુઓમાંથી કયાં એક નું સૌથી વધુ સરળતાથી પ્રવાહીકરણ થશે ?

(1) $NH_3$
(2) $H_2$
(3) $CO_2$
(4) $O_2$

**32.** The solubility of $BaSO_4$ in water is $2{\cdot}42 \times 10^{-3}$ $gL^{-1}$ at 298 K. The value of its solubility product ($K_{sp}$) will be

(Given molar mass of $BaSO_4$ = 233 g $mol^{-1}$)

(1) $1{\cdot}08 \times 10^{-10}$ $mol^2 L^{-2}$
(2) $1{\cdot}08 \times 10^{-12}$ $mol^2 L^{-2}$
(3) $1{\cdot}08 \times 10^{-8}$ $mol^2 L^{-2}$
(4) $1{\cdot}08 \times 10^{-14}$ $mol^2 L^{-2}$

**32.** 298 K પર, $BaSO_4$ ની પાણીમાં દ્રાવ્યતા $2{\cdot}42 \times 10^{-3}$ $gL^{-1}$ છે. તો તેના દ્રાવ્યતા ગુણાકાર ($K_{sp}$) નું મૂલ્ય શું હશે ?

($BaSO_4$ નું મોલર દળ = 233 g $mol^{-1}$ આપેલ છે)

(1) $1{\cdot}08 \times 10^{-10}$ $mol^2 L^{-2}$
(2) $1{\cdot}08 \times 10^{-12}$ $mol^2 L^{-2}$
(3) $1{\cdot}08 \times 10^{-8}$ $mol^2 L^{-2}$
(4) $1{\cdot}08 \times 10^{-14}$ $mol^2 L^{-2}$


ZOLLEGE

**33.** In which case is the number of molecules of water maximum ?

(1) 18 mL of water

(2) 0·18 g of water

(3) $10^{-3}$ mol of water

(4) 0·00224 L of water vapours at 1 atm and 273 K

**34.** The correct difference between first- and second-order reactions is that

(1) the rate of a first-order reaction does not depend on reactant concentrations; the rate of a second-order reaction does depend on reactant concentrations

(2) the half-life of a first-order reaction does not depend on $[A]_0$; the half-life of a second-order reaction does depend on $[A]_0$

(3) the rate of a first-order reaction does depend on reactant concentrations; the rate of a second-order reaction does not depend on reactant concentrations

(4) a first-order reaction can be catalyzed; a second-order reaction cannot be catalyzed

**35.** Among $CaH_2$, $BeH_2$, $BaH_2$, the order of ionic character is

(1) $BeH_2 < CaH_2 < BaH_2$

(2) $CaH_2 < BeH_2 < BaH_2$

(3) $BaH_2 < BeH_2 < CaH_2$

(4) $BeH_2 < BaH_2 < CaH_2$

**36.** Consider the change in oxidation state of Bromine corresponding to different emf values as shown in the diagram below :




Then the species undergoing disproportionation is

(1) $BrO_3^-$

(2) $BrO_4^-$

(3) HBrO

(4) $Br_2$

**33.** નીચે આપેલા કયાં કેસ (ઉદાહરણ) માં પાણીના અણુઓની સંખ્યા મહત્તમ છે ?

(1) પાણીના 18 mL

(2) પાણીના 0·18 g

(3) પાણીના $10^{-3}$ મોલ

(4) 273 K અને 1 atm પર પાણીની બાષ્પના 0·00224 L

**34.** પ્રથમ અને દ્વિતિય-ક્રમ પ્રક્રિયાઓ વચ્ચેનો સાચો તફાવત શોધો

(1) પ્રથમ ક્રમ પ્રક્રિયા નો વેગ પ્રક્રિયકની સાંદ્રતાઓ ઉપર આધારિત નથી; દ્વિતિય ક્રમ નો વેગ પ્રક્રિયકની સાંદ્રતાઓ ઉપર આધારિત છે

(2) પ્રથમ ક્રમ પ્રક્રિયા નો અર્ધ-આયુષ્ય એ $[A]_0$ પર આધારિત નથી; દ્વિતિય ક્રમ પ્રક્રિયાનો અર્ધ-આયુષ્ય $[A]_0$ પર આધારિત છે

(3) પ્રથમ ક્રમ પ્રક્રિયાનો વેગ પ્રક્રિયકની સાંદ્રતાઓ ઉપર આધારિત છે; દ્વિતિયક્રમ નો વેગ પ્રક્રિયકની સાંદ્રતાઓ ઉપર આધારિત નથી

(4) પ્રથમ ક્રમ પ્રક્રિયા ઉદ્દીપકીય થઈ શકે છે; દ્વિતીય ક્રમ પ્રક્રિયા ઉદ્દીપકીય થઈ શકતી નથી

**35.** આપેલ $CaH_2$, $BeH_2$, $BaH_2$ ની આયનિક પ્રકૃતિ નો ક્રમ શોધો.

(1) $BeH_2 < CaH_2 < BaH_2$

(2) $CaH_2 < BeH_2 < BaH_2$

(3) $BaH_2 < BeH_2 < CaH_2$

(4) $BeH_2 < BaH_2 < CaH_2$

**36.** બ્રોમિનની બદલાતી ઓક્સિડેશન અવસ્થાઓને સુસંગત જુદી જુદી emf કિંમતો જે નીચે દર્શાવેલ સમજૂતી-ચિત્રમાં (diagram) આપેલ છે જેને ધ્યાનમાં લો :




તો સ્પીસીઝ નું વિષમપ્રમાણ (disproportionation) થાય (અપ્રમાણસરીય) છે જે શોધો

(1) $BrO_3^-$

(2) $BrO_4^-$

(3) HBrO

(4) $Br_2$

**37.** For the redox reaction

$MnO_4^- + C_2O_4^{2-} + H^+ \longrightarrow Mn^{2+} + CO_2 + H_2O$

the correct coefficients of the reactants for the balanced equation are

| | $MnO_4^-$ | $C_2O_4^{2-}$ | $H^+$ |
|---|---|---|---|
| (1) | 16 | 5 | 2 |
| (2) | 2 | 5 | 16 |
| (3) | 5 | 16 | 2 |
| (4) | 2 | 16 | 5 |

**38.** Which one of the following conditions will favour maximum formation of the product in the reaction,

$A_2(g) + B_2(g) \rightleftharpoons X_2(g) \quad \Delta_r H = -X$ kJ ?

(1) Low temperature and high pressure
(2) Low temperature and low pressure
(3) High temperature and low pressure
(4) High temperature and high pressure

**39.** When initial concentration of the reactant is doubled, the half-life period of a zero order reaction

(1) is halved
(2) is doubled
(3) remains unchanged
(4) is tripled

**40.** The bond dissociation energies of $X_2$, $Y_2$ and XY are in the ratio of 1 : 0·5 : 1. ΔH for the formation of XY is – 200 kJ $mol^{-1}$. The bond dissociation energy of $X_2$ will be

(1) 200 kJ $mol^{-1}$
(2) 100 kJ $mol^{-1}$
(3) 400 kJ $mol^{-1}$
(4) 800 kJ $mol^{-1}$

**41.** The correction factor 'a' to the ideal gas equation corresponds to

(1) density of the gas molecules
(2) volume of the gas molecules
(3) forces of attraction between the gas molecules
(4) electric field present between the gas molecules

**37.** રેડોક્ષ પ્રક્રિયા માટે,

$MnO_4^- + C_2O_4^{2-} + H^+ \longrightarrow Mn^{2+} + CO_2 + H_2O$

સંતુલિત પ્રક્રિયા માટે પ્રક્રિયકોના સાચા ગુણાંકો (coefficients) શોધો.

| | $MnO_4^-$ | $C_2O_4^{2-}$ | $H^+$ |
|---|---|---|---|
| (1) | 16 | 5 | 2 |
| (2) | 2 | 5 | 16 |
| (3) | 5 | 16 | 2 |
| (4) | 2 | 16 | 5 |

**38.** આપેલ પ્રક્રિયામાં, મહત્તમ નીપજ બનવા માટે નીચે આપેલ પરિસ્થિતિઓ માંથી કઈ અનુકૂળ થશે

$A_2(g) + B_2(g) \rightleftharpoons X_2(g) \quad \Delta_r H = -X$ kJ ?

(1) નીચું તાપમાન અને ઊચું દબાણ
(2) નીચું તાપમાન અને નીચું દબાણ
(3) ઊચું તાપમાન અને નીચું દબાણ
(4) ઊચું તાપમાન અને ઊચું દબાણ

**39.** જ્યારે પ્રક્રિયક ની પ્રારંભિક સાંદ્રતા બમણી કરવામાં આપેલ હોય ત્યારે, શૂન્ય ક્રમની પ્રક્રિયા નો અર્ધ-આયુ સમય શોધો.

(1) અડધો છે
(2) બમણો છે
(3) ફેરફાર થશે નહીં
(4) ત્રણ ગણો છે

**40.** $X_2$, $Y_2$ અને XY ની બંધવિયોજન ઉર્જાઓનો ગુણોત્તર 1 : 0·5 : 1 છે. XY ના સર્જન થવા માટેનો ΔH એ – 200 kJ $mol^{-1}$ છે. તો $X_2$ ની બંધવિયોજન ઉર્જા શું હશે ?

(1) 200 kJ $mol^{-1}$
(2) 100 kJ $mol^{-1}$
(3) 400 kJ $mol^{-1}$
(4) 800 kJ $mol^{-1}$

**41.** આદર્શવાયુ સમીકરણમાં સુધારેલ અવયવ 'a' નીચેનામાંથી એક સાથે સંકળાયેલ છે જે શોધો.

(1) વાયુ અણુઓની ઘનતા
(2) વાયુ અણુઓનું કદ
(3) વાયુ અણુઓની વચ્ચે આકર્ષણ બળો
(4) વાયુ અણુઓની વચ્ચે વિદ્યુતક્ષેત્રની હાજરી


ZOLLEGE

42. Which one is a ***wrong*** statement ?

(1) Total orbital angular momentum of electron in 's' orbital is equal to zero.

(2) An orbital is designated by three quantum numbers while an electron in an atom is designated by four quantum numbers.

(3) The value of m for $d_{z^2}$ is zero.

(4) The electronic configuration of N atom is

| $1s^2$ | $2s^2$ | $2p_x^1$ | $2p_y^1$ | $2p_z^1$ |
|---|---|---|---|---|
| ↑↓ | ↑↓ | ↑ | ↑ | ↓ |

43. Magnesium reacts with an element (X) to form an ionic compound. If the ground state electronic configuration of (X) is $1s^2\ 2s^2\ 2p^3$, the simplest formula for this compound is

(1) $Mg_2X_3$

(2) $MgX_2$

(3) $Mg_3X_2$

(4) $Mg_2X$

44. Iron exhibits bcc structure at room temperature. Above 900°C, it transforms to fcc structure. The ratio of density of iron at room temperature to that at 900°C (assuming molar mass and atomic radii of iron remains constant with temperature) is

(1) $\frac{\sqrt{3}}{\sqrt{2}}$

(2) $\frac{4\sqrt{3}}{3\sqrt{2}}$

(3) $\frac{1}{2}$

(4) $\frac{3\sqrt{3}}{4\sqrt{2}}$

45. Consider the following species :

$CN^+$, $CN^-$, NO and CN

Which one of these will have the highest bond order ?

(1) NO

(2) $CN^-$

(3) CN

(4) $CN^+$

42. કયું એક વિધાન ***ખોટું*** છે ?

(1) 's' કક્ષક માં ના ઈલેક્ટ્રોન નું કુલ કક્ષકીય કોણીય વેગમાન ઝીરો ને સમાન છે.

(2) એક કક્ષક ને ત્રણ ક્વોન્ટમ આંકોથી નિર્દિષ્ટ (designated) કરવામાં આવે છે જ્યારે પરમાણુમાં રહેલા એક ઈલેક્ટ્રોન ને ચાર ક્વોન્ટમ આંકો વડે નિર્દિષ્ટ કરવામાં આવે છે.

(3) $d_{z^2}$ માટે m ની કિંમત ઝીરો છે.

(4) N પરમાણુ માટેની ઈલેક્ટ્રોનીય રચના

| $1s^2$ | $2s^2$ | $2p_x^1$ | $2p_y^1$ | $2p_z^1$ |
|---|---|---|---|---|
| ↑↓ | ↑↓ | ↑ | ↑ | ↓ |

છે.

43. મેગ્નેશિયમ એક તત્વ (X) સાથે પ્રક્રિયા કરીને આયનિક સંયોજન બનાવે છે જો (X) ની ભૂમિ અવસ્થાની ઈલેક્ટ્રોનીય રચના $1s^2\ 2s^2\ 2p^3$ હોય તો આ સંયોજનનું સૌથી સાદુ સૂત્ર શોધો.

(1) $Mg_2X_3$

(2) $MgX_2$

(3) $Mg_3X_2$

(4) $Mg_2X$

44. ઓરડાના તાપમાને આર્યન bcc બંધારણ દર્શાવે છે. 900°C થી ઉપર તેનું fcc બંધારણમાં રૂપાંતર થાય છે ઓરડાના તાપમાને થી 900°C પર આર્યન ની ઘનતાનો ગુણોત્તર (આર્યનનું મોલર દળ અને પરમાણ્વીય ત્રિજ્યા ઓરડાના તાપમાન સાથે અચળ છે તે ધારી લો) શોધો

(1) $\frac{\sqrt{3}}{\sqrt{2}}$

(2) $\frac{4\sqrt{3}}{3\sqrt{2}}$

(3) $\frac{1}{2}$

(4) $\frac{3\sqrt{3}}{4\sqrt{2}}$

45. નીચેની સ્પીસીઝો ને ધ્યાનમાં લો :

$CN^+$, $CN^-$, NO અને CN

આ બધામાંથી કયા એક નો સૌથી વધારે બંધક્રમાંક હશે ?

(1) NO

(2) $CN^-$

(3) CN

(4) $CN^+$

**46.** In a growing population of a country,

(1) pre-reproductive individuals are more than the reproductive individuals.

(2) reproductive individuals are less than the post-reproductive individuals.

(3) pre-reproductive individuals are less than the reproductive individuals.

(4) reproductive and pre-reproductive individuals are equal in number.

**47.** Match the items given in Column I with those in Column II and select the ***correct*** option given below :

| | *Column I* | | *Column II* |
|---|---|---|---|
| a. | Eutrophication | i. | UV-B radiation |
| b. | Sanitary landfill | ii. | Deforestation |
| c. | Snow blindness | iii. | Nutrient enrichment |
| d. | Jhum cultivation | iv. | Waste disposal |

| | **a** | **b** | **c** | **d** |
|---|---|---|---|---|
| (1) | ii | i | iii | iv |
| (2) | i | iii | iv | ii |
| (3) | i | ii | iv | iii |
| (4) | iii | iv | i | ii |

**48.** Which part of poppy plant is used to obtain the drug "Smack" ?

(1) Flowers

(2) Latex

(3) Leaves

(4) Roots

**49.** Which one of the following population interactions is widely used in medical science for the production of antibiotics ?

(1) Commensalism

(2) Mutualism

(3) Amensalism

(4) Parasitism

**50.** All of the following are included in 'Ex-situ conservation' *except*

(1) Wildlife safari parks

(2) Sacred groves

(3) Seed banks

(4) Botanical gardens

**46.** એક દેશની વસતિમાં વધારોથતો હોય ત્યારે

(1) પૂર્વ પ્રજનનવય જૂથવાળી વ્યક્તિઓ, પ્રજનનવય જૂથવાળી વ્યક્તિઓથી વધુ હોય છે.

(2) પ્રજનનવય જૂથવાળી વ્યક્તિઓ પશ્ચ પ્રજનનવય જૂથવાળી વ્યક્તિઓથી ઓછી હોય છે.

(3) પૂર્વ પ્રજનનવય જૂથવાળી વ્યક્તિઓ, પ્રજનનવય જૂથવાળી વ્યક્તિઓથી ઓછી હોય છે.

(4) પ્રજનનવય જૂથ અને પૂર્વ પ્રજનનવય જૂથ – બન્નેના વ્યક્તિઓ સમાન સંખ્યામાં હોય છે.

**47.** કોલમ I અને કોલમ II સાથે યોગ્ય રીતે જોડી નીચે આપેલા માંથી ***સાચો*** વિકલ્પ પસંદ કરો :

| | *કોલમ I* | | *કોલમ II* |
|---|---|---|---|
| a. | સુપોષકતાકરણ (યુટ્રોફિકેશન) | i. | UV-B વિકિરણ |
| b. | સેનેટરી લેન્ડ ફીલ | ii. | ડીફોરેસ્ટેશન (વનવિનાશ) |
| c. | સ્નો બ્લાઈન્ડનેસ | iii. | પોષકતત્ત્વોની ગુણવતામાં વધારો |
| d. | જુમ કલ્ટીવેશન (સ્થાનાંતરી કૃષિ) | iv. | કચરાનો નિકાસ |

| | **a** | **b** | **c** | **d** |
|---|---|---|---|---|
| (1) | ii | i | iii | iv |
| (2) | i | iii | iv | ii |
| (3) | i | ii | iv | iii |
| (4) | iii | iv | i | ii |

**48.** "સ્મેક" દવાઓ મેળવવા માટે પોપી વનસ્પતિનો કયો ભાગ ઉપયોગમાં લેવાય છે ?

(1) પુષ્પો

(2) ક્ષીર (લૈટેક્સ)

(3) પર્ણો

(4) મૂળ

**49.** તબીબી વિજ્ઞાનમાં, એન્ટીબાયોટીક્સના ઉત્પાદન માટે નીચે પૈકીના કયા વસતિ આંતર સંબંધો મોટે પાયે વપરાય છે ?

(1) સહભોજીતા

(2) પરસ્પરતા

(3) પ્રતિજીવન

(4) પરોપજીવીતા

**50.** એક સિવાય નીચેના બધાંનો સમાવેશ 'નવ સ્થાન સંરક્ષણ' (ex-situ conservation) માં થાય છે.

(1) વન્યજીવ સફારી પાર્ક

(2) જંગલમાં આવેલી પવિત્ર નાની જગ્યાઓ (સેક્રેડ ગ્રોવ)

(3) બીજ નિધી

(4) વનસ્પતિ ઉદ્યાન


SPACE FOR ROUGH WORK
ZOLLEGE

**51.** AGGTATCGCAT is a sequence from the coding strand of a gene. What will be the corresponding sequence of the transcribed mRNA ?

(1) AGGUAUCGCAU
(2) UGGTUTCGCAT
(3) UCCAUAGCGUA
(4) ACCUAUGCGAU

**52.** According to Hugo de Vries, the mechanism of evolution is

(1) Multiple step mutations
(2) Saltation
(3) Minor mutations
(4) Phenotypic variations

**53.** Match the items given in Column I with those in Column II and select the ***correct*** option given below :

| | *Column I* | | *Column II* |
|---|---|---|---|
| a. | Proliferative Phase | i. | Breakdown of endometrial lining |
| b. | Secretory Phase | ii. | Follicular Phase |
| c. | Menstruation | iii. | Luteal Phase |

| | **a** | **b** | **c** |
|---|---|---|---|
| (1) | iii | ii | i |
| (2) | i | iii | ii |
| (3) | iii | i | ii |
| (4) | ii | iii | i |

**54.** All of the following are part of an operon *except*

(1) an operator
(2) structural genes
(3) a promoter
(4) an enhancer

**55.** A woman has an X-linked condition on one of her X chromosomes. This chromosome can be inherited by

(1) Only daughters
(2) Only sons
(3) Both sons and daughters
(4) Only grandchildren

**51.** જનીનની એક શૃંખલા પર AGGTATCGCAT બેઝ ક્રમ છે તો પ્રત્યાંકિત mRNA શૃંખલા પરનો પૂરક ક્રમ શું હશે ?

(1) AGGUAUCGCAU
(2) UGGTUTCGCAT
(3) UCCAUAGCGUA
(4) ACCUAUGCGAU

**52.** હ્યુગો દવ્રીઝના મતે ઉદ્‌વિકાસની પ્રક્રિયા

(1) બહુતબક્કીય વિકૃતિઓ છે
(2) સૉલ્ટેશન છે
(3) નાની વિકૃતિઓ છે
(4) સ્વરૂપ પ્રકારમાં ભિન્નતા છે

**53.** કોલમ I અને કોલમ II સાથે યોગ્ય રીતે જોડી નીચે આપેલા માંથી ***સાચો*** વિકલ્પ પસંદ કરો :

| | *કોલમ I* | | *કોલમ II* |
|---|---|---|---|
| a. | પ્રસ્ફુરિત (પ્રોલિફરેટીવ) તબક્કો | i. | ગર્ભાશયના અંતઃસ્તરનુ તુટવુ |
| b. | સ્રાવી તબક્કો | ii. | ફોલીક્યુલર તબક્કો |
| c. | ઋતુસ્રાવ (મેન્સ્ટ્રુએશન) | iii. | પિતપીંડ પ્રાવસ્થા (લ્યુટિયલ તબક્કો) |

| | **a** | **b** | **c** |
|---|---|---|---|
| (1) | iii | ii | i |
| (2) | i | iii | ii |
| (3) | iii | i | ii |
| (4) | ii | iii | i |

**54.** આમાંથી કયો ભાગ ઓપેરોનનો ભાગ ***નથી*** ?

(1) ઓપરેટર
(2) બંધારણીય જનીન
(3) પ્રમોટર
(4) એન્હાન્સર (વધારો પ્રેરનાર)

**55.** એક સ્ત્રી X-સંલગ્ન સ્થિતિ તેના કોઈ એક X રંગસુત્ર પર ધરાવે છે. આ રંગસુત્ર આના દ્વારા વારસામાં મેળવાય છે.

(1) માત્ર પુત્રીઓ
(2) માત્ર પુત્રો
(3) પુત્રો તેમજ પુત્રીઓ બન્ને
(4) માત્ર પૌત્ર તેમજ પૌત્રીઓ

**56.** Which of the following options correctly represents the lung conditions in asthma and emphysema, respectively ?

(1) Inflammation of bronchioles; Decreased respiratory surface

(2) Increased number of bronchioles; Increased respiratory surface

(3) Decreased respiratory surface; Inflammation of bronchioles

(4) Increased respiratory surface; Inflammation of bronchioles

**57.** Match the items given in Column I with those in Column II and select the ***correct*** option given below :

| | *Column I* | | *Column II* |
|---|---|---|---|
| a. | Tricuspid valve | i. | Between left atrium and left ventricle |
| b. | Bicuspid valve | ii. | Between right ventricle and pulmonary artery |
| c. | Semilunar valve | iii. | Between right atrium and right ventricle |

| | **a** | **b** | **c** |
|---|---|---|---|
| (1) | iii | i | ii |
| (2) | i | iii | ii |
| (3) | ii | i | iii |
| (4) | i | ii | iii |

**58.** Match the items given in Column I with those in Column II and select the ***correct*** option given below :

| | *Column I* | | *Column II* |
|---|---|---|---|
| a. | Tidal volume | i. | 2500 – 3000 mL |
| b. | Inspiratory Reserve volume | ii. | 1100 – 1200 mL |
| c. | Expiratory Reserve volume | iii. | 500 – 550 mL |
| d. | Residual volume | iv. | 1000 – 1100 mL |

| | **a** | **b** | **c** | **d** |
|---|---|---|---|---|
| (1) | iii | ii | i | iv |
| (2) | iii | i | iv | ii |
| (3) | iv | iii | ii | i |
| (4) | i | iv | ii | iii |

**56.** નીચે પૈકીના કયા વિકલ્પો અનુક્રમે અસ્થમા અને એમ્ફીસેમા માં ફેફસાંની સ્થિતિને સાચી રીતે રજુ કરે છે ?

(1) શ્વાસવાહિકાઓમાં સોજા; શ્વસન સપાટીમાં ઘટાડો

(2) શ્વાસવાહિકાની સંખ્યામાં વધારો; શ્વસન સપાટીમાં વધારો

(3) શ્વસન સપાટીમાં ઘટાડો; શ્વાસવાહિકાઓમાં સોજા

(4) શ્વસન સપાટીમાં વધારો; શ્વાસવાહિકાઓમાં સોજા

**57.** કોલમ I અને કોલમ II સાથે યોગ્ય રીતે જોડી નીચે આપેલા માંથી ***સાચો*** વિકલ્પ પસંદ કરો :

| | *કોલમ I* | | *કોલમ II* |
|---|---|---|---|
| a. | ત્રિદલ વાલ્વ | i. | ડાબા કર્ણક અને ડાબા ક્ષેપકની વચ્ચે |
| b. | દ્વિદલ વાલ્વ | ii. | જમણા ક્ષેપક અને ફુપ્ફુસીય ધમની વચ્ચે |
| c. | બીજ ચન્દ્રાકાર વાલ્વ | iii. | જમણા કર્ણક અને જમણા ક્ષેપક વચ્ચે |

| | **a** | **b** | **c** |
|---|---|---|---|
| (1) | iii | i | ii |
| (2) | i | iii | ii |
| (3) | ii | i | iii |
| (4) | i | ii | iii |

**58.** કોલમ I અને કોલમ II સાથે યોગ્ય રીતે જોડી નીચે આપેલા માંથી ***સાચો*** વિકલ્પ પસંદ કરો :

| | *કોલમ I* | | *કોલમ II* |
|---|---|---|---|
| a. | ટાઈડલ વોલ્યુમ | i. | 2500 – 3000 mL |
| b. | ઈન્સ્પીરેટરી રિઝર્વ વોલ્યુમ | ii. | 1100 – 1200 mL |
| c. | એક્સ્પીરેટરી રિઝર્વ વોલ્યુમ | iii. | 500 – 550 mL |
| d. | રેસિડ્યુઅલ વોલ્યુમ | iv. | 1000 – 1100 mL |

| | **a** | **b** | **c** | **d** |
|---|---|---|---|---|
| (1) | iii | ii | i | iv |
| (2) | iii | i | iv | ii |
| (3) | iv | iii | ii | i |
| (4) | i | iv | ii | iii |


ZOLLEGE

59. Nissl bodies are mainly composed of
(1) Proteins and lipids
(2) DNA and RNA
(3) Free ribosomes and RER
(4) Nucleic acids and SER

60. Which of the following terms describe human dentition ?
(1) Thecodont, Diphyodont, Homodont
(2) Thecodont, Diphyodont, Heterodont
(3) Pleurodont, Diphyodont, Heterodont
(4) Pleurodont, Monophyodont, Homodont

61. Many ribosomes may associate with a single mRNA to form multiple copies of a polypeptide simultaneously. Such strings of ribosomes are termed as
(1) Polysome
(2) Polyhedral bodies
(3) Nucleosome
(4) Plastidome

62. Which of these statements is ***incorrect*** ?
(1) Enzymes of TCA cycle are present in mitochondrial matrix.
(2) Glycolysis occurs in cytosol.
(3) Oxidative phosphorylation takes place in outer mitochondrial membrane.
(4) Glycolysis operates as long as it is supplied with NAD that can pick up hydrogen atoms.

63. Which of the following events does ***not*** occur in rough endoplasmic reticulum ?
(1) Protein folding
(2) Protein glycosylation
(3) Phospholipid synthesis
(4) Cleavage of signal peptide

64. Select the ***incorrect*** match :
(1) Lampbrush chromosomes – Diplotene bivalents
(2) Allosomes – Sex chromosomes
(3) Polytene chromosomes – Oocytes of amphibians
(4) Submetacentric chromosomes – L-shaped chromososmes

59. નિઝલની કણિકાઓ મુખ્યત્ત્વે આની બનેલી હોય છે.
(1) પ્રોટીન્સ અને લિપીડ્સ
(2) DNA અને RNA
(3) મુક્ત રીબોઝોમ્સ અને RER
(4) ન્યુક્લિક એસિડ્સ અને SER

60. નીચે પૈકીના કયા શબ્દો માનવીનો દંતવિન્યાસ વર્ણવે છે ?
(1) કૂપદંતી, દ્વિવારદંતી, સમદંતી
(2) કૂપદંતી, દ્વિવારદંતી, વિષમદંતી
(3) પાર્શ્વદંતી, દ્વિવારદંતી, વિષમદંતી
(4) પાર્શ્વદંતી, એકવારદંતી, સમદંતી

61. એકી સમયે પોલીપેપ્ટાઈડ શૃંખલાઓની અનેક કૃતિઓ બનાવવા માટે એકજ mRNA સાથે અનેક રીબોઝોમ્સ જોડાય છે. રીબોઝોમ્સની આવી શૃંખલા માટે આ કહેવામાં આવે છે.
(1) પોલીસોમ
(2) પોલીહેડ્રલ બોડીઝ
(3) ન્યુક્લિઓસોમ
(4) પ્લાસ્ટીડોમ

62. આ પૈકીનું કયું વિધાન ***ખોટું*** છે ?
(1) TCA ચક્ર માટેના ઉત્સેચકો કણાભસુત્રીય આધારકમાં આવેલા હોય છે.
(2) ગ્લાયકોલિસિસ કોષરસ આધારકમાં થાય છે.
(3) કણાભસુત્રના બાહ્યપટલમાં ઓક્સિડેટીવ ફોસ્ફોરાયલેશન થાય છે.
(4) હાઈડ્રોજન ને ગ્રહણ કરતાં NAD જ્યાં સુધી પુરા પાડવામાં આવે ત્યાં સુધી ગ્લાયકોલિસીસ ચાલ્યા કરે છે.

63. ખરબચડી અંતઃકોષરસજાળમાં (RER) નીચે પૈકીની કઈ ઘટના ઘટતી ***નથી*** ?
(1) પ્રોટીન ફોલ્ડીંગ
(2) પ્રોટીન ગ્લાયકોસાયલેશન
(3) ફોસ્ફો લિપીડનું સંશ્લેષણ
(4) સિગ્નલ પેપ્ટાઈડ્સનું વિભાજન (ક્લીવેજ)

64. ***ખોટું*** જોડકું પસંદ કરો :
(1) લેમ્પબ્રશ રંગસુત્રો – ડીપ્લોટીન દ્વિસુત્રી
(2) એલોઝોમ્સ – લિંગી રંગસુત્રો
(3) પોલીટીન રંગસુત્રો – ઉભયજીવીઓના અંડકોષો
(4) સબ મેટાસેન્ટ્રિક રંગસૂત્રો – L-આકારના રંગસુત્રો


SPACE FOR ROUGH WORK

65. Which of the following is an amino acid derived hormone ?

(1) Epinephrine

(2) Ecdysone

(3) Estriol

(4) Estradiol

66. Which of the following structures or regions is ***incorrectly*** paired with its function ?

(1) Medulla oblongata : controls respiration and cardiovascular reflexes.

(2) Limbic system : consists of fibre tracts that interconnect different regions of brain; controls movement.

(3) Corpus callosum : band of fibers connecting left and right cerebral hemispheres.

(4) Hypothalamus : production of releasing hormones and regulation of temperature, hunger and thirst.

67. Which of the following hormones can play a significant role in osteoporosis ?

(1) Aldosterone and Prolactin

(2) Progesterone and Aldosterone

(3) Parathyroid hormone and Prolactin

(4) Estrogen and Parathyroid hormone

68. The transparent lens in the human eye is held in its place by

(1) ligaments attached to the ciliary body

(2) ligaments attached to the iris

(3) smooth muscles attached to the ciliary body

(4) smooth muscles attached to the iris

65. નીચે પૈકીનો એમિનો એસિડમાંથી મેળવાયેલો અંતઃસ્રાવ કયો છે ?

(1) એપીનેફ્રિન

(2) એકડાયસોન

(3) ઈસ્ટ્રિઓલ (એસ્ટ્રિઓલ)

(4) ઈસ્ટ્રાડાયોલ (એસ્ટ્રાડાયોલ)

66. નીચે પૈકીની કઈ રચના કે વિસ્તાર તેના કાર્ય સાથે ***ખોટી*** રીતે જોડીમાં મુકેલ છે.

(1) લંબ મજ્જા : શ્વસન, રૂધિરાભિસરણ તંત્ર, પરાવર્તી ક્રિયાઓનું નિયમન કરે છે.

(2) લિમ્બીક તંત્ર : તંતુઓનુ બનેલ છે કે જે મગજના વિવિધ ભાગોને એકબીજા સાથે સાંકળે છે; હલન ચલનનુ નિયંત્રણ કરે છે.

(3) કેલોસમ કાય : તંતુઓના પટ્ટાઓ કે જે ડાબા અને જમણા બૃહદ્ મસ્તિષ્ક ગોળાર્ધને જોડે છે.

(4) હાઈપોથેલેમસ : રિલીઝીંગ હોર્મોન્સનું નિર્માણ અને તાપમાન, ભુખ અને તરસનું નિયમન.

67. ઓસ્ટિઓપોરોસીસમાં નીચે પૈકીનો કયો અંતઃસ્રાવ મહત્ત્વનો ભાગ ભજવે છે ?

(1) આલ્ડોસ્ટેરોન અને પ્રોલેક્ટિન

(2) પ્રોજેસ્ટેરોન અને આલ્ડોસ્ટેરોન

(3) પેરાથાઈરોઈડના અંતઃસ્રાવ અને પ્રોલેક્ટિન

(4) ઈસ્ટ્રોજન અને પેરાથાઈરોઈડનો અંતઃસ્રાવ

68. મનુષ્યની આંખમાં પારદર્શક નેત્રમણિને તેની યોગ્ય સ્થાને આ જકડી રાખે છે.

(1) સિલિયરી કાય સાથે સ્નાયુબંધ જોડાયેલા છે

(2) કનીનિકા સાથે સ્નાયુબંધ જોડાયેલા છે

(3) સિલિયરીકાય સાથે લીસા સ્નાયુઓ જોડાયેલા છે

(4) કનીનિકા સાથે લીસા સ્નાયુઓ જોડાયેલા છે


Z⊘LLEGE

**69.** Which of the following animals does ***not*** undergo metamorphosis ?

(1) Earthworm

(2) Tunicate

(3) Starfish

(4) Moth

**70.** Which one of these animals is ***not*** a homeotherm ?

(1) *Macropus*

(2) *Chelone*

(3) *Psittacula*

(4) *Camelus*

**71.** Which of the following features is used to identify a male cockroach from a female cockroach ?

(1) Presence of a boat shaped sternum on the $9^{th}$ abdominal segment

(2) Presence of caudal styles

(3) Presence of anal cerci

(4) Forewings with darker tegmina

**72.** Which of the following organisms are known as chief producers in the oceans ?

(1) Dinoflagellates

(2) Diatoms

(3) Euglenoids

(4) Cyanobacteria

**73.** Ciliates differ from all other protozoans in

(1) using flagella for locomotion

(2) having a contractile vacuole for removing excess water

(3) having two types of nuclei

(4) using pseudopodia for capturing prey

**74.** Identify the vertebrate group of animals characterized by crop and gizzard in its digestive system.

(1) Amphibia

(2) Reptilia

(3) Osteichthyes

(4) Aves

**69.** નીચે પૈકીનું કયું પ્રાણી રૂપાંતરણ દર્શાવતું ***નથી*** ?

(1) અળસિયુ

(2) ટ્યુનિકેટ

(3) તારામત્સ્ય (સ્ટારફીશ)

(4) ફુદાં

**70.** આ પૈકીનુ કયું પ્રાણી સમતાપી ***નથી*** ?

(1) *મેક્રોપસ*

(2) *કીલોન*

(3) *સિટાક્યુલા*

(4) *કેમેલસ*

**71.** નીચે પૈકીનું કયું લક્ષણ નર વંદાને માદા વંદાથી અલગ ઓળખવા માટે ઉપયોગમાં લેવાય છે ?

(1) 9મા ઉદરીય ખંડ પર હોડી આકારના ઉરોસ્થિની ઉપસ્થિતી

(2) પુચ્છ કંટિકાની હાજરી

(3) પુચ્છ શૂળની હાજરી

(4) અગ્રપાંખો ઘેરી ટેગ્મીના છે

**72.** મહાસાગરોમાં નીચે પૈકીનું કયું સજીવ મુખ્ય ઉત્પાદકો તરીકે જાણિતું છે ?

(1) દ્વિકશાધારીઓ

(2) ડાયેટમ્સ

(3) યુગ્લિનોઈડ્સ

(4) સાયેનોબેક્ટેરિયા

**73.** પક્ષ્મધારીઓ અન્ય પ્રજીવોથી કઈ બાબતમાં જુદા પડે છે ?

(1) પ્રચલન માટે કશાનો ઉપયોગ કરે છે

(2) વધારાના પાણીના નિકાલ માટે આકુંચક રસધાની ધરાવે છે

(3) બે પ્રકારના કોષકેન્દ્રો ધરાવે છે

(4) ભક્ષ્યને પકડવા માટે ખોટા પગોનો ઉપયોગ કરે છે

**74.** પાચન તંત્રમાં સંગ્રહાશય અને પેષણી જેવી લાક્ષણિકતાઓ ધરાવતા કાપ અને ગીજાર્ડ દ્વારા આપ્રાણીને ઓળખો.

(1) ઉભયજીવી (એમ્ફિબીયા)

(2) સરિસૃપ (રેપ્ટીલિયા)

(3) અસ્થિમત્સ્ય (ઓસ્ટિકથીજ)

(4) વિહંગ (એવીજ)


ZOLLEGE

**75.** Among the following sets of examples for divergent evolution, select the ***incorrect*** option :

(1) Forelimbs of man, bat and cheetah

(2) Heart of bat, man and cheetah

(3) Eye of octopus, bat and man

(4) Brain of bat, man and cheetah

**76.** Conversion of milk to curd improves its nutritional value by increasing the amount of

(1) Vitamin D

(2) Vitamin A

(3) Vitamin E

(4) Vitamin $B_{12}$

**77.** Which of the following characteristics represent 'Inheritance of blood groups' in humans ?

a. Dominance

b. Co-dominance

c. Multiple allele

d. Incomplete dominance

e. Polygenic inheritance

(1) b, c and e

(2) a, b and c

(3) a, c and e

(4) b, d and e

**78.** Which of the following is ***not*** an autoimmune disease ?

(1) Psoriasis

(2) Rheumatoid arthritis

(3) Vitiligo

(4) Alzheimer's disease

**79.** The similarity of bone structure in the forelimbs of many vertebrates is an example of

(1) Homology

(2) Analogy

(3) Adaptive radiation

(4) Convergent evolution

**80.** In which disease does mosquito transmitted pathogen cause chronic inflammation of lymphatic vessels ?

(1) Elephantiasis

(2) Ascariasis

(3) Amoebiasis

(4) Ringworm disease

**75.** નીચે આપેલા અપસારી કે બહિર્ગામી ઉત્ક્રાંતિ માટેના ઉદાહરણો પૈકી ***ખોટો*** વિકલ્પ પસંદ કરો.

(1) મનુષ્ય, ચામાચિડીયું અને ચિત્તાના અગ્ર ઉપાંગો

(2) ચામાચિડીયું, મનુષ્ય અને ચિત્તાનું હૃદય

(3) ઑક્ટોપસ, ચામાચિડીયું અને મનુષ્યની આંખ

(4) ચામાચિડીયું, મનુષ્ય અને ચિત્તાનું મગજ

**76.** દૂધમાંથી દહિં બનતા તેની પૌષ્ટિકતામાં થતો વધારો આનું પ્રમાણ વધવાથી થાય છે.

(1) વિટામીન D

(2) વિટામીન A

(3) વિટામીન E

(4) વિટામીન $B_{12}$

**77.** નીચે પૈકીની કઈ લાક્ષણિકતાઓ મનુષ્યમાં 'રૂધિરજુથનાં વારસાગમનનું' પ્રતિનિધિત્વ કરે છે.

a. પ્રભુતા

b. સહ પ્રભુતા

c. બહુવૈકલ્પિક કારકો

d. અપુર્ણ પ્રભુતા

e. બહુજનીનિક આનુવંશિકતા

(1) b, c અને e

(2) a, b અને c

(3) a, c અને e

(4) b, d અને e

**78.** નીચે પૈકીનો કયો રોગ ઓટો ઈમ્યુન ડિસિઝ ***નથી*** ?

(1) સોરીયાસિસ

(2) રૂમેટોઈડ આર્થરાઈટિસ (સંધિવા)

(3) વાઈટીલીગો

(4) અલ્ઝાઈમર્સ ડિસીઝ

**79.** ઘણા પૃષ્ઠવંશીઓમાં અગ્ર ઉપાંગના હાડકાઓની સામ્યતા એ આનું ઉદાહરણ છે.

(1) સમમુલકતા

(2) વિષમમુલકતા

(3) અનુકૂલિત વિકિરણ

(4) અભિસારી ઉદ્‌વિકાસ (કન્વર્જન્ટ ઈવોલ્યુશન)

**80.** કયા રોગમાં મચ્છર દ્વારા ફેલાતા રોગકારક સજીવો (પેથોજન) લસિકાવાહિનીમાં દીર્ઘકાલીન સોજાઓ પ્રેરે છે ?

(1) એલીફન્ટાસિસ

(2) એસ્કેરિએસિસ

(3) એમીબાયોસિસ

(4) રીંગ વર્મ ડિઝીઝ


ZOLLEGE

**81.** Match the items given in Column I with those in Column II and select the ***correct*** option given below :

| | *Column I* | | *Column II* |
|---|---|---|---|
| a. | Glycosuria | i. | Accumulation of uric acid in joints |
| b. | Gout | ii. | Mass of crystallised salts within the kidney |
| c. | Renal calculi | iii. | Inflammation in glomeruli |
| d. | Glomerular nephritis | iv. | Presence of glucose in urine |

| | **a** | **b** | **c** | **d** |
|---|---|---|---|---|
| (1) | iii | ii | iv | i |
| (2) | i | ii | iii | iv |
| (3) | iv | i | ii | iii |
| (4) | ii | iii | i | iv |

**82.** Match the items given in Column I with those in Column II and select the ***correct*** option given below :

| | *Column I* *(Function)* | | *Column II* *(Part of Excretory System)* |
|---|---|---|---|
| a. | Ultrafiltration | i. | Henle's loop |
| b. | Concentration of urine | ii. | Ureter |
| c. | Transport of urine | iii. | Urinary bladder |
| d. | Storage of urine | iv. | Malpighian corpuscle |
| | | v. | Proximal convoluted tubule |

| | **a** | **b** | **c** | **d** |
|---|---|---|---|---|
| (1) | iv | v | ii | iii |
| (2) | iv | i | ii | iii |
| (3) | v | iv | i | iii |
| (4) | v | iv | i | ii |

**81.** કોલમ I અને કોલમ II સાથે યોગ્ય રીતે જોડી નીચે આપેલા માંથી ***સાચો*** વિકલ્પ પસંદ કરો :

| | *કોલમ I* | | *કોલમ II* |
|---|---|---|---|
| a. | ગ્લાયકોસુરિયા | i. | સાંધાઓમાં યુરિક એસિડનું જમા થવું |
| b. | ગાઉટ | ii. | મુત્રપિંડમાં સ્ફટિક સ્વરૂપે ક્ષારોનો જથ્થો |
| c. | રીનલ કૈલક્યૂલાઈ | iii. | રૂધિરકેશિકાગુચ્છમાં સોજા આવવા/ફુલીજવું |
| d. | ગ્લોમેરૂલર નેફ્રાઈટિસ | iv. | મુત્રમાં ગ્લુકોઝની હાજરી |

| | **a** | **b** | **c** | **d** |
|---|---|---|---|---|
| (1) | iii | ii | iv | i |
| (2) | i | ii | iii | iv |
| (3) | iv | i | ii | iii |
| (4) | ii | iii | i | iv |

**82.** કોલમ I અને કોલમ II સાથે યોગ્ય રીતે જોડી નીચે આપેલા માંથી ***સાચો*** વિકલ્પ પસંદ કરો :

| | *કોલમ I* *(કાર્ય)* | | *કોલમ II* *(ઉત્સર્જન તંત્રની ભાગ)* |
|---|---|---|---|
| a. | સુક્ષ્મ ગાળણ | i. | હેન્લેનો પાશ |
| b. | મુત્રની સાંદ્રતા | ii. | મુત્રવાહિની |
| c. | મુત્રનુ વહન | iii. | મુત્રાશય કોથળી |
| d. | મુત્રનો સંચય | iv. | માલ્પિજીયનકાય કણિકા |
| | | v. | નિકટવર્તી ગુંચળાદાર નલિકા |

| | **a** | **b** | **c** | **d** |
|---|---|---|---|---|
| (1) | iv | v | ii | iii |
| (2) | iv | i | ii | iii |
| (3) | v | iv | i | iii |
| (4) | v | iv | i | ii |


SPACE FOR ROUGH WORK
ZOLLEGE

83. Hormones secreted by the placenta to maintain pregnancy are

(1) hCG, hPL, progestogens, prolactin
(2) hCG, hPL, estrogens, relaxin, oxytocin
(3) hCG, progestogens, estrogens, glucocorticoids
(4) hCG, hPL, progestogens, estrogens

84. The contraceptive 'SAHELI'

(1) blocks estrogen receptors in the uterus, preventing eggs from getting implanted.
(2) increases the concentration of estrogen and prevents ovulation in females.
(3) is a post-coital contraceptive.
(4) is an IUD.

85. The difference between spermiogenesis and spermiation is

(1) In spermiogenesis spermatids are formed, while in spermiation spermatozoa are formed.
(2) In spermiogenesis spermatozoa are formed, while in spermiation spermatids are formed.
(3) In spermiogenesis spermatozoa are formed, while in spermiation spermatozoa are released from sertoli cells into the cavity of seminiferous tubules.
(4) In spermiogenesis spermatozoa from sertoli cells are released into the cavity of seminiferous tubules, while in spermiation spermatozoa are formed.

86. The amnion of mammalian embryo is derived from

(1) ectoderm and mesoderm
(2) endoderm and mesoderm
(3) ectoderm and endoderm
(4) mesoderm and trophoblast

83. સગર્ભાવસ્થા (પ્રેગનન્સી) ને જાળવી રાખવા માટે જરાયુમાંથી સ્ત્રવતા અંતઃસ્ત્રાવો આ છે

(1) hCG, hPL, પ્રોજેસ્ટોજેન્સ, પ્રોલેક્ટીન છે
(2) hCG, hPL, ઈસ્ટ્રોજન, રિલેક્સીન, ઓક્સિટોસિન છે
(3) hCG, પ્રોજેસ્ટોજેન્સ, ઈસ્ટ્રોજેન્સ, ગ્લુકોકોર્ટિકોઈડ્સ છે
(4) hCG, hPL, પ્રોજેસ્ટોજેન્સ, ઈસ્ટ્રોજન્સ છે

84. ગર્ભનિરોધક 'સહેલી' (SAHELI)

(1) ગર્ભાશયમાં ઈસ્ટ્રોજન ગ્રાહકોને બ્લોક કરે છે, અંડકનું સ્થાપન અટકાવે છે.
(2) ઈસ્ટ્રોજનનું પ્રમાણ વધારે છે અને માદામાં અંડપાત અટકાવે છે.
(3) તે પશ્ચ સંભોગીય ગર્ભનિરોધ છે.
(4) તે IUD છે.

85. સ્પર્મીઓજીનેસિસ (પ્રશુક્રકોષોનું રૂપાંતરણ) અને સ્પર્મીએશન ની વચ્ચેનો ભેદ આ છે.

(1) સ્પર્મીઓજીનેસિસમાં પ્રશુક્રકોષોનું નિર્માણ હોય છે જ્યારે સ્પર્મીએશનમાં શુક્રકોષોનું નિર્માણ થાય છે.
(2) સ્પર્મીઓજીનેસિસમાં શુક્રકોષોનું નિર્માણ થાય છે જ્યારે સ્પર્મીએશનમાં પ્રશુક્રકોષોનું નિર્માણ થાય છે.
(3) સ્પર્મીઓજીનેશિસમાં શુક્રકોષોનું નિર્માણ થાય છે જ્યારે સ્પર્મીએશનમાં સર્ટોલી કોષોમાંથી શુક્રોત્પાદક નલિકાઓમાં શુક્રકોષો મુક્ત થાય છે.
(4) સ્પર્મીઓજીનેસિસમાં સર્ટોલી કોષોમાંથી શુક્રકોષો શુક્રોત્પાદક નલિકાના પોલાણમાં મુક્ત થાય છે, જ્યારે સ્પર્મીએશનમાં શુક્રકોષોનું નિર્માણ થાય છે.

86. સસ્તનોના ગર્ભનું ઉલ્વ આમાંથી ઉદ્દભવ પામે છે.

(1) બાહ્યસ્તર અને મધ્યસ્તર
(2) અંતઃસ્તર અને મધ્યસ્તર
(3) બાહ્યસ્તર અને અંતઃસ્તર
(4) મધ્યસ્તર અને ટ્રોફોબ્લાસ્ટ

**87.** Which of the following gastric cells indirectly help in erythropoiesis ?

(1) Chief cells

(2) Mucous cells

(3) Parietal cells

(4) Goblet cells

**88.** Match the items given in Column I with those in Column II and select the ***correct*** option given below :

| | *Column I* | | *Column II* |
|---|---|---|---|
| a. | Fibrinogen | i. | Osmotic balance |
| b. | Globulin | ii. | Blood clotting |
| c. | Albumin | iii. | Defence mechanism |

| | **a** | **b** | **c** |
|---|---|---|---|
| (1) | iii | ii | i |
| (2) | i | ii | iii |
| (3) | ii | iii | i |
